Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/SVEEP/સ્પર્ધા/વશી.૪૩/૨૦૨૨/-૨૮૪૭-૨૮૫૨

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com

તા.૨૨/૦૨/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ
સુરત

**વિષય :-** રાષ્ટ્રીય મતદાતા જાગૃતિ સ્પર્ધામાં ભાગ લેવા બાબત.

**સંદર્ભ :-** અધિક જિલ્લા ચુંટણી અધિકારી, સુરતનાં પત્ર નં.ચટણ-૨/ઈએલસી/સ્પર્ધા/મારો મત એ મારું ભવિષ્ય છે-એક મતની તાકાત/વશી/૨૦૨૨ તા.૧૮/૦૨/૨૦૨૨

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ભારતના ચૂંટણી પંચે SVEEP પ્રોગ્રામ અંતર્ગત લોકોની પ્રતિભા અને સર્જનાત્મકતાને બહાર લાવવા તથા દરેક મતના મહત્વને સમજવા માટે **રાષ્ટ્રીય મતદાતા જાગૃતિ સ્પર્ધા- 'મારો મત મારું ભવિષ્ય-એક મતની તાકાત'** શરૂ કરેલ છે. જે અન્વયે સંદર્ભદર્શિત પત્ર મુજબની માર્ગદર્શિકા અન્વયે આપની શાળાનાં વિદ્યાર્થીઓને આ સ્પર્ધામાં ભાગ લેવા પ્રોત્સાહિત કરી વધુમાં વધુ વિદ્યાર્થીઓ જોડાય તેવા પ્રયત્નો આપની કક્ષાએથી કરવા જણાવાવમાં આવે છે.

**બિડાણ :-** ઉપર મુજબ

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

**નકલ રવાના :-**

૧. તમામ શિક્ષણ નિરીક્ષકશ્રીઓ, આ કચેરી
૨. તમામ મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રીઓ, આ કચેરી
૩. SVS કન્વીનરશ્રીઓ તમામ, સુરત

} આપની કક્ષાએથી શાળાઓને માહિતગાર કરવા અને ફોલોઅપ સારું..

૪. જિલ્લા શિક્ષણાધિકારી કચેરીનો તમામ વહીવટી સ્ટાફ- ક્વિઝ સ્પર્ધામાં ભાગ લેવા સારું.

No Voter to be Left Behind

''સરળ નોંધણી,
સરળ સુધારણા''

ફોન નંબર : ૦૨૬૧–૨૬૬૫૨૦૦
ફેકસ નંબર : ૦૨૬૧–૨૬૬૫૨૬૫
ઈ–મેઈલ : dydeosuratoffice@gmail.com

કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી, સુરત
ચૂંટણી શાખા, પહેલો માળ, બી–બ્લોક,જીલ્લા સેવા સદન–૨, અઠવાલાઈન્સ, સુરત–૩૯૫૦૦૧

નં.ચટણ-૨/ઇએલસી/સ્પર્ધા/મારો મત એ મારું ભવિષ્ય છે–એક મતની તાકાત/વશી /૨૦૨૨ તા.૧૮/૦૨/૨૦૨૨

પ્રતિ,

જિલ્લા સંકલન સમિતિના સભ્યશ્રીઓ(અધિકારીશ્રીઓ),

જિ.સુરત

**વિષય:- ચૂંટણી પંચ દ્વારા આયોજિત કરવામાં આવેલ "National Voter Awareness Contest" માં મહત્તમ વ્યક્તિઓ અને સંસ્થાઓ ભાગ લે તે માટેનું આયોજન કરવા બાબત.**

**સંદર્ભ:- અધિક મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના તા.૧૬/૦૨/૨૦૨૨ ના રોજના પત્ર ક્રમાંક:ઈએલસી-૧૦૨૦૨૨-૭૬-છ(SVEEP)**

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભમાં દર્શાવેલ પત્રથી ભારતના ચૂંટણી પંચે રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૨૨ ના અવસરે સર્જનાત્મક અભિવ્યક્તિ દ્વારા દરેક મતના મહત્વને ભાવપૂર્વક સમજવા માટે **રાષ્ટ્રીય મતદાતા જાગૃતિ સ્પર્ધા-'મારો મત મારુ ભવિષ્ય-એક મતની તાકાત'** શરૂ કરેલ છે.

ભારતના ચૂંટણી પંચ દ્વારા SVEEP (સિસ્ટમેટિક વોટર એજ્યુકેશન એન્ડ ઈલેકટોરલ પાર્ટિસિપેશન) પ્રોગ્રામ દ્વારા રાષ્ટ્રીય મતદાતા જાગૃતિ સ્પર્ધા લોકોની પ્રતિભા અને સર્જનાત્મકતાને બહાર લાવવા અને લોકોની સક્રિય ભાગીદારી દ્વારા લોકશાહીને પણ મજબૂત બનાવવા માટે છે. તમામ વય જૂથો માટે સુલભ આ સ્પર્ધાનો ઉદ્દેશ્ય ક્રાઉડસોર્સિંગ દ્વારા લોકશાહીમાં દરેક મતના મહત્વના વિષય પર પસંદ કરેલ ઉમદા વિચારો અને સામગ્રીની ઉજવણી કરવાનો છે.

રાષ્ટ્રીય કક્ષાની આ સ્પર્ધામાં પાંચ શ્રેણીઓ છે જેમાં (૧) ક્વિઝ સ્પર્ધા, (૨) સ્લોગન સ્પર્ધા, (૩) ગીત સ્પર્ધા, (૪) વિડિયો બનાવવાની સ્પર્ધા અને (૫) પોસ્ટર ડિઝાઈન સ્પર્ધાનો સમાવેશ થાય છે તથા ગીત સ્પર્ધા, વિડીયો બનાવવાની સ્પર્ધા અને પોસ્ટર ડિઝાઇન સ્પર્ધાને ત્રણ શ્રેણીઓમાં વર્ગીકૃત કરવામાં આવી છે: સંસ્થાકીય, વ્યવસાયિક અને કલાપ્રેમી. દરેક શ્રેણીમાં ટોચના ત્રણ વિજેતાઓને આકર્ષક રોકડ ઈનામો આપવામાં આવશે.

તમામ એન્ટ્રીઓ ૧૫ માર્ચ, ૨૦૨૨ સુધીમાં સહભાગીઓની વિગતો સાથે ઇ-મેઇલ ID- voter-contest@eci.gov.in પર સબમિટ કરવાની રહેશે તથા પ્રતિભાગીએ સ્પર્ધાની વેબસાઇટ https://ecisveep.nic.in/contest/ પર ઉપલબ્ધ વિગતવાર માર્ગદર્શિકા અને શરતોનું પાલન કરાવવાનું રહેશે.

**જે અન્વયે આપની કચેરી તથા આપના તાબા હેઠળની કચેરીઓને સ્પર્ધા અંગેની માર્ગદર્શક સુચનાઓ (આ સાથે સામેલ રાખેલ છે) પરિપત્રિત કરવા તથા સદર સ્પર્ધામાં મહત્તમ સંખ્યામાં લોકો ભાગ લે તે માટે સઘન પ્રયત્નો કરવા વિનંતી છે.**

વધુમાં,ક્વિઝ સ્પર્ધામાં આપની કચેરીમાં કામ કરતા તમામ અધિકારી/કર્મચારી ભાગ લે તેવું આયોજન કરવા તથા ભાગ લીધેલ અધિકારી/કર્મચારીની સંખ્યા અંગેની માહિતી અત્રેની કચેરીના ઇ-મેઇલ આઇડી:- **dydeosuratoffice@gmail.com પર દર સોમવારે** મળી રહે તેવી વ્યવસ્થા કરવા વિનંતી છે.

**(માનનીય કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી સુરતની સુચનાનુસાર)**

અધિક જિલ્લા ચૂંટણી અધિકારી
સુરત

બિડાણ-ઉપર મુજબ

# મતદાર જાગૃતિ સ્પર્ધા – " મારો મત એ મારું ભવિષ્ય છે – એક મતની તાકાત"

- ભારતના ચૂંટણી પંચે SVEEP (સિસ્ટમેટિક વોટર એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટિસિપેશન) પ્રોગ્રામ અંતર્ગત લોકોની પ્રતિભા અને સર્જનાત્મકતાને બહાર લાવવા તથા દરેક મતના મહત્વને સમજવા માટે રાષ્ટ્રીય મતદાતા જાગૃતિ સ્પર્ધા-**'મારો મત મારુ ભવિષ્ય-એક મતની તાકાત'** શરૂ કરેલ છે.

- **સ્પર્ધાના પ્રકાર:-**
  - ✓ (૧) ક્વિઝ સ્પર્ધા
  - ✓ (૨) સ્લોગન સ્પર્ધા
  - ✓ (૩) ગીત સ્પર્ધા
  - ✓ (૪) વિડિયો બનાવવાની સ્પર્ધા
  - ✓ (૫) પોસ્ટર ડિઝાઈન સ્પર્ધા

- **સ્પર્ધાનો વિષય:-**
  - ✓ લોકશાહીમાં મતનું મહત્વ સમજાવવા "મારો મત મારૂ ભવિષ્ય-એક મતની તાકાત" સંલગ્ન સ્લોગન, ગીત, પોસ્ટર અને વિડિયો બનાવવા તથા આ વિષય પરના ક્વિઝ.
  - ✓ વધુમાં વિડિયો "માહિતી સભર અને નૈતિક મતદાનનું મહત્વ (પ્રલોભન મુક્ત મતદાન)", "મતની શક્તિ-મહિલાઓ, વિકલાંગ વ્યક્તિઓ, વરિષ્ઠ નાગરીકો, યુવાઓ અને પ્રથમ વખતના મતદારોના મતદાનનું મહત્વ" વિષય પર પણ બનાવી શકાશે.

- **પુરસ્કારની વિગત:-**
  - ✓ ગીત સ્પર્ધા (મહત્તમ ૩ મિનિટનું ગીત)

| કેટેગરી | પ્રથમ | દ્રીતીય | તૃતિય | ખાસ ઉલ્લેખ |
|---|---|---|---|---|
| સંસ્થાકીય | ૧,૦૦,૦૦૦/- | ૫૦,૦૦૦/- | ૩૦,૦૦૦/- | ૧૫,૦૦૦/- |
| વ્યવસાયિક | ૫૦,૦૦૦/- | ૩૦,૦૦૦/- | ૨૦,૦૦૦/- | ૧૦,૦૦૦/- |
| કલાપ્રેમી | ૨૦,૦૦૦/- | ૧૦,૦૦૦/- | ૭,૫૦૦/- | ૩,૦૦૦/- |

  - ✓ વિડિયો બનાવવાની સ્પર્ધા (મહત્તમ ૧ મિનિટનો વિડિયો)

| કેટેગરી | પ્રથમ | દ્રીતીય | તૃતિય | ખાસ ઉલ્લેખ |
|---|---|---|---|---|
| સંસ્થાકીય | ૨,૦૦,૦૦૦/- | ૧,૦૦,૦૦૦/- | ૭૫,૦૦૦/- | ૩૦,૦૦૦/- |
| વ્યવસાયિક | ૫૦,૦૦૦/- | ૩૦,૦૦૦/- | ૨૦,૦૦૦/- | ૧૦,૦૦૦/- |
| કલાપ્રેમી | ૩૦,૦૦૦/- | ૨૦,૦૦૦/- | ૧૦,૦૦૦/- | ૫,૦૦૦/- |

  - ✓ પોસ્ટર ડિઝાઈન સ્પર્ધા

| કેટેગરી | પ્રથમ | દ્રીતીય | તૃતિય | ખાસ ઉલ્લેખ |
|---|---|---|---|---|
| સંસ્થાકીય | ૫૦,૦૦૦/- | ૩૦,૦૦૦/- | ૨૦,૦૦૦/- | ૧૦,૦૦૦/- |
| વ્યવસાયિક | ૩૦,૦૦૦/- | ૨૦,૦૦૦/- | ૧૦,૦૦૦/- | ૫,૦૦૦/- |
| કલાપ્રેમી | ૨૦,૦૦૦/- | ૧૦,૦૦૦/- | ૭,૫૦૦/- | ૩,૦૦૦/- |

  - ✓ સ્લોગન સ્પર્ધા

| કેટેગરી | દ્રીતીય | તૃતિય | ખાસ ઉલ્લેખ |
|---|---|---|---|
| ૨૦,૦૦૦/- | ૧૦,૦૦૦/- | ૭,૫૦૦/- | ૨,૦૦૦/- |

  - ✓ ક્વિઝ સ્પર્ધા
    - ECI મર્ચેન્ડાઇઝ, બેજ અને ઈ-પ્રમાણપત્ર

- **સ્પર્ધાની શરતો:-**
  - ✓ અપમાનજનક અથવા અયોગ્ય ભાષા ધરાવતી કોઈપણ એન્ટ્રીઓ, કોઈપણ રાજકીય સંદર્ભો પક્ષો અથવા ધર્મો જેમાં અભદ્ર, અથવા ચોક્કસ સંસ્કૃતિઓ વિરુદ્ધ જાતિવાદી સામગ્રી હોય અથવા સમુદાયો, અથવા આધારભૂત ન હોય તેવી માહિતી સ્વીકારવામાં આવશે નહીં.
  - ✓ વીડિયો, ગીત અને સ્લોગન સ્પર્ધા માટેની એન્ટ્રીઓ કોઈપણ સત્તાવાર ભાષામાં આપી શકે છે. ભારતીય બંધારણની આઠમી અનુસૂચિ. (ત્યાં ૨૨ સત્તાવાર ભાષાઓ છે- આસામી, બંગાળી, ગુજરાતી, હિન્દી, કન્નડ, કાશ્મીરી, કોંકણી, મલયાલમ, મણિપુરી, મરાઠી, નેપાળી, ઉડિયા, પંજાબી, સંસ્કૃત, સિંધી, તમિલ, તેલુગુ, ઉર્દૂ, બોડો, સંથાલી, મૈથિલી અને ડોગરી).
  - ✓ એન્ટ્રીઓમાં સંદર્ભ માટે યોગ્ય સબટાઈટલ સામેલ હોવા જોઈએ.

- **સ્પર્ધામાં ભાગ કેવી રીતે લેવો તેની જાણકારી :-**
  - ✓ ક્વિઝ સ્પર્ધા:-
    - https://ecisveep.nic.in/contest/ વેબસાઈટ ઓપન કરી તેમાં રજીસ્ટ્રેશન કરો.
    - ત્યારબાદ "ક્વિઝ કોન્ટેસ્ટ" વિકલ્પ પસંદ કરી ક્વિઝ સ્પર્ધામાં ભાગ લેવો.
  - ✓ સ્લોગન સ્પર્ધા:-
    - આપના ઈ-મેઈલ એકાઉન્ટ માંથી નીચેની વિગતનો ઈ-મેઈલ તૈયાર કરો
      Subject:- Slogan Contest
      Name:- (સ્પર્ધકનું નામ)
      Address:- (સ્પર્ધકનું સરનામું)
      Phone No:- (સ્પર્ધકનો મોબાઈલ નંબર)
      Slogan:- (તમારું સ્લોગન)
      ત્યારબાદ આ ઈ-મેઈલ:- voter-contest@eci.gov.in પર મોકલી આપવો.
  - ✓ ગીત (૩ મિનિટની મર્યાદા), વિડીયો (૧ મિનિટની મર્યાદા) અને પોસ્ટર સ્પર્ધા
    - આપના ઈ-મેઈલ એકાઉન્ટ માંથી નીચેની વિગતનો ઈ-મેઈલ તૈયાર કરો
      Subject:- (જે સ્પર્ધામાં ભાગ લેતા હોય તેનું નામ તથા કેટેગરી)
      Name:- (સ્પર્ધકનું નામ)
      Address:- (સ્પર્ધકનું સરનામું)
      Phone No:- (સ્પર્ધકનો મોબાઈલ નંબર)
      Attachment:- (તમારી કૃતિ એટેચ કરો)
      ત્યારબાદ આ ઈ-મેઈલ:- voter-contest@eci.gov.in પર મોકલી આપવો.

- **સ્પર્ધાની સમય મર્યાદા:-** તા.૧૫/૦૩/૨૦૨૨ સુધી
- વિશેષ જાણકારી માટે **ટોલ ફ્રી હેલ્પલાઈન નં - ૧૯૫૦** પર સંપર્ક કરવો.

ELECTION
IMMEDIATE

Phone : 079-23256731
079-23250456
079-23257419
Fax No.: 079-23250324
079-23250319

# OFFICE OF THE CHIEF ELECTORAL OFFICER

## GUJARAT STATE

General Administration Department (Election Division)
Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010.

ક્રમાંક : ઈએલસી-૧૦૨૦૨૨-૭૬-છ(SVEEP) તારીખ : ૧૬-૦૨-૨૦૨૨

પ્રતિ,
સર્વે કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી

વિષય: ચૂંટણી પંચ દ્વારા આયોજિત કરવામાં આવેલ " National Voter Awareness Contest" માં મહત્તમ વ્યકિતઓ અને સંસ્થાઓ ભાગ લે તે માટેનું આયોજ કરવા બાબત
સંદર્ભ : અત્રેનો તા.૦૯-૦૨-૨૦૨૨નો સમાનાંકી પત્ર તથા ઈ-મેઈલ

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ચૂંટણી પંચ દ્વારા તા.૨૫-૦૧-૨૦૨૨ થી તા.૧૫-૦૩-૨૦૨૨ દરમિયાન સમગ્ર દેશમાં ક્વિઝ, ગીત સ્પર્ધા, પોસ્ટર મેકિંગ, વીડિયો મેકિંગ અને સ્લોગન રાઈટીંગની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે. સ્પર્ધાઓમાં ભાગ લેવા માટેની વિગતવાર સુચનાઓ આપને ઈ-મેઈલ મારફતે મોકલી આપવામાં આવેલ છે. ઉકત સ્પર્ધાઓમાં તમામ વયજુથના વ્યકિતઓ મહત્તમ સંખ્યામાં ભાગ લે તે માટે જુદા જુદા માધ્યમોથી સઘન પ્રચાર પ્રસાર કરવા વિનંતી છે. વધુમાં, આપના જિલ્લાની તમામ શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી-બિન સરકારી યુનિવર્સીટીઓ, કેંન્દ્રીય મહત્વની યુનિવર્સિટીઓ, સિવિલ સોસાયટી ઓર્ગેનાઈઝેશન્શ, NSS, NCC, NYKS, તમામ સરકારી અને બિન સરકારી કચેરીઓ, બોર્ડ-નિગમની કચેરીઓમાં સ્પર્ધાઓ અંગેની માર્ગદર્શક સુચનાઓ પરિપત્રિત કરવા વિનંતી છે. વધુમાં, આપની કક્ષાએથી નીચે સુચવેલ કાર્યક્રમોનું આયોજન કરી મહત્તમ સંખ્યામાં લોકો ભાગ લે તે સુનિશ્ચિત કરવા વિનંતી છે.

- સ્પર્ધાના પ્રચાર માટે સોશિયલ મીડિયાનો વ્યાપક ઉપયોગ કરવો .
- તમામ બૂથ લેવલ અધિકારીઓ, કેમ્પસ એમ્બેસેડર્સને સ્પર્ધા અંગે માહિતેગાર કરી તેમને ભાગ લેવા પ્રોત્સાહિત કરવા તેમજ દરેક બૂથ લેવલ અધિકારી, કેમ્પસ એમ્બેસેડર ઓછામાં ઓછા ૨૦-૨૫ વ્યકિતઓને જુદી જુદી સ્પર્ધાઓમાં ભાગ લેવા સમજૂત કરે અને આ માટે જરૂરી ટેકનિકલ બાબતો જેમ કે , વેબસાઈટ પર રજિસ્ટ્રેશન, ઈ-મેઈલ થી એન્ટ્રીઝ સબમિટ કરાવવામાં મદદ પુરી પાડવામાં આવે તે મુજબની સુચનાઓ આપવી.
- આપના જિલ્લાના સ્ટેટ આઈકોન્સ, જિલ્લા આઈકોન્સના ઓડિયો/વીડિયો મેસેજ દ્વારા સ્પર્ધાઓમાં ભાગ લેવા અપીલ કરાવવી.
- જિલ્લામાંથી મોટી સંખ્યામાં લોકો ભાગ લે તે ઉપરાંત ગુણવત્તાયુક્ત કૃતિઓ/ એન્ટ્રીઝ સબમિટ થાય તે માટે જિલ્લામાં આવેલ કલા અને ડિઝાઈન સાથે સંકળાયેલ સંસ્થાઓમાં જિલ્લા ચૂંટણી અધિકારી, નાયબ/ અધિક જિલ્લા ચૂંટણી અધિકારી જેવા અધિકારીઓ દ્વારા સંસ્થાઓની મુલાકાત લેવી.



Phone No. : MCC : 23257086, SVEEP-23255746 Comp. Cell-23257494, Fax : 23257090
Training-23255745 Expenditure-23255742 Budget-23257420

- વ્યાવસાયિક અને સંસ્થાકીય કેટેગરી હેઠળ પણ મહત્તમ લોકો ભાગ લે તે માટે આપના જિલ્લાના પ્રખ્યાત કલાકારો, વીડિયો/ફિલ્મ પ્રોડક્શન હાઉસિઝ, મીડિયા હાઉસિઝને પણ સ્પર્ધા અંગે માહિતગાર કરવા.
- આપના જિલ્લાની તમામ મતદાર સાક્ષરતા ક્લબસ, વોટર અવેરનેસ ફોરમ્સ, ચુનાવ પાઠશાળાઓના નોડલ અધિકારીઓ, કલબ્સના સભ્યો, કન્વીનર્સને પણ સ્પર્ધામાં ભાગ લેવા પ્રોત્સાહિત કરવા.

ઉપર્યુક્ત બાબતે વિગતવાર આયોજન માટે આપના જિલ્લામાં આવેલ વિવિધ સંસ્થાઓ સાથે બેઠકનું આયોજન કરી મહત્તમ સંખ્યામાં સ્પર્ધામાં ભાગ લેવાય તે મુજબનું આયોજન કરવા વિનંતી છે. રાજ્ય કક્ષાએથી જુદા જુદા વિભાગોને તા.૧૪-૦૨-૨૦૨૨ના રોજ પાઠવેલ પત્રની નકલ આ સાથે જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે સામેલ કરેલ છે.

આપનો વિશ્વાસુ,

( આર.કે. પટેલ )

અધિક મુખ્ય નિર્વાચન અધિકારી

ગુજરાત

બિડાણ : ઉપર મુજબ